# સાબરકાંઠા, અરવલ્લીમાં મોંઘવારી મુદ્દે કોંગ્રેસ મેદાનમાં : ઠેર ઠેર વિરોધ પ્રદર્શન

## માલપુરમાં વિરોધ પ્રદર્શનમાં વિપક્ષી નેતા પરેશ ધાણાનીની હાજરીથી કોંગ્રેસ ઘેલમાં

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૦૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વધતી જતી મોંઘવારીથી આમ પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે ત્યારે કોંગ્રેસ દ્વારા મોંઘવારીને મુદ્દો બનાવી બંન્ને જિલ્લાના તાલુકા મથકો ઉપર ઠેર ઠેર વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં રેલી, રસ્તા રોકવાના પ્રયાસ સાથે કોંગ્રેસ આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા આવેદનપત્રો આપવામાં આવી રહ્યાં છે. પેટ્રોલ, ડીઝલ, ગેસ સીલીન્ડર અને દૂધ સહિતની ચીજવસ્તુઓમાં થયેલા કમરતોડ ભાવ વધારા સામે કોંગ્રેસ મેદાનમાં આવી છે. છેલ્લા ૩ દિવસથી કોંગ્રેસની મોંઘવારી વિરોધી પ્રદર્શનથી કોંગ્રેસમાં ઉત્સાહ






વધ્યો છે ત્યારે શુક્રવારે માલપુરમાં કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં વિપક્ષી નેતા પરેશ ધાણાનીની હાજરીથી કોંગ્રેસ ઘેલમાં આવી ગઈ હતી.

કોંગ્રેસના આગેવાનોએ મોંઘવારી વધતાં ભાજપ ઉપર આકરા પ્રહાર કર્યા હતા.

કોરોનાની મહામારીમાં ધંધા-રોજગારને માઠી અસર થઈ છે. કોરોનાના સંક્રમિત કેસ વધતાં સરકારે લૉકડાઉન કર્યું હતું જેમાં પ્રથમ લહેર પછી બીજી લહેરમાં પણ આજ સ્થિતિ રહેતાં અસંખ્ય પરિવારોના ધંધા-રોજગારો બંધ રહેવાથી આર્થિક ફટકો પડ્યો છે તેમાંય જીવન જરૂરીયાતની ચીજવસ્તુના ભાવ ઘણા સમયથી બેકાબુ બન્યા છે. પેટ્રોલ-ડીઝલ, દૂધ, ગેસ સહિતના ભાવ વધતાં રાજ્ય સહિત સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મોંઘવારી મુદ્દે અલગ અલગ રીતે વિરોધ દર્શાવ્યાની શરૂઆત કરી છે. જેમાં કેટલીક જગ્યાએ તો વિરોધ પ્રદર્શન કરનાર કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવતાં રાજકારણ ગરમાઈ શકે છે. જિલ્લાના તાલુકા મથકો ઉપર બેફામ મોંઘવારી મુદ્દે પ્લે કાર્ડ હાથમાં રાખી કેન્દ્ર સરકાર સામે વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. ટૂંકમાં વધતી જતી મોંઘવારીમાં કોંગ્રેસે જાણે કે પગ જમાવવા માટે જમીન શોધી લીધી હોય તેમ બાયડ, મોડાસા, ભિલોડા, હિંમતનગર, ઈડર, તલોદ સહિતના વિસ્તારોમાં રસ્તાઓ ઉપર વિરોધ વંટોળમાં હાલ મન પરોવ્યું છે.

# પંચાલ ખાતે સાંસદ સભ્યના વરદ્ હસ્તે ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ

## ભિલોડામાં રૂા.૪૧૯.૮૪ અને મેઘરજમાં રૂા.૪૮૬.૭૯ લાખના ખર્ચે ૬૬ કે.વી. સબ સ્ટેશન ઉભા કર્યા : ભિલોડા તાલુકાના વાંકાનેર અને મેઘરજ તાલુકાના પંચાલ ખાતે સાંસદ સભ્યના વરદ્ હસ્તે ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું

ભિલોડા,તા.૯

ભિલોડા તાલુકાના વાંકાનેર અને મેઘરજ તાલુકાના પંચાલ ખાતે સાંસદ સભ્યના વરદ્ હસ્તે ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું હતું.ભિલોડામાં રૂા.૪૧૯.૮૪ અને મેઘરજમાં રૂા.૪૮૬.૭૯ લાખના ખર્ચે ૬૬ કે.વી. સબ સ્ટેશન ઉભા કર્યા છે.વાંકાનેર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના હોલમાં સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડના વરદ્ હસ્તે લોકાર્પણ કરાયું હતું.સાંસદ સભ્યએ જણાવ્યું હતું કે વાંકાનેરએ પ.પુ. સદ્ગુરૂ ગોપાળાનંદ સ્વામી અને શામળીયા શેઠની પાવન ભુમિ છે.ભુતકાળમાં ગામડાઓમાં લાઈટોની મુશ્કેલીઓ હતી.વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદષ્ટીથી રાજ્યના ૧૮ હજાર થી વધુ ગામડાઓમાં વીજળીની સુવિધા ઉભી કરી છે.

અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ,ઉપ પ્રમુખ કનુભાઈ મનાત,ધારાસભ્ય ડાૅ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ તરલીકાબેન તબીયાર, કારોબારી અધ્યક્ષ વિક્રમભાઈ પટેલ,મેઘરજ તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન, ભાજપ અગ્રણી આગેવાનો પી.સી. બરંડા, રાજેન્દ્રભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ભાટી, રણવીરસિંહ ડાભી, રાજેશભાઈ નિનામા,કાંતીલાલ પટેલ, ભવાનભાઈ ઠાકોર, એન.કે.કલાસવા, મનોજભાઈ પટેલ, હિતેન્દ્રસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, યોગેશભાઈ બુધ્ધ, શંકરલાલ પટેલ,જેટકો અધિક્ષક ઈજનેર ડી.એસ.ચૌહાણ, પી.સી. શાહ, હિંમતનગર વર્તુળ કચેરીના અધિકારીઓ,તાલુકા-જીલ્લા પંચાયતના સદસ્યો,ખેડુતો ઉપસ્થિત રહ્યા હતા.

વાંકાનેરમાં ૬૬ કે.વી. સબ સ્ટેશન રૂા.૪૧૯.૮૪ લાખના ખર્ચે તૈયાર કરવાથી વાંકાનેર, ખુમાપુર, ચીબોડા, શંકરપુરા, ભટેરા, મોંધરી, રીંટોડા, ભુતાવડ, મોહનપુર સહિત આજુ-બાજુ ૧૫ કિ.મી. વિસ્તારમાં આવેલા અંદાજીત ૧૨ ગામોમાં ખેતીવાડી, રહેઠાણ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં અંદાજીત ૭૨૦૦ ગ્રાહકોને સતત ગુણવંત્તા સભર વીજળીથી વધુ સાતત્યપુર્ણ વીજ પુરવઠો મળશે.

પંચાલમાં ૬૬ કે.વી. સબ સ્ટેશન રૂા.૪૮૬.૭૯ લાખના ખર્ચે તૈયાર કરવાથી પંચાલ, ઢુંદેરા, રાજગોળ, નવઘરા, પહાડીયા, ઈટવા, કદવાળી સહિત નજીકના ઔદ્યોગિક એકમો,નજીકના વિસ્તારમાં પુરતા વીજ દબાણથી વધુ સાતત્યપુર્ણ વીજ પુરવઠો મળશે જ્યારે સબ સ્ટેશના આજુ-બાજુના વિસ્તારમાં આવેલા અંદાજીત ૧૨ ગામોના ખેતીવાડી,રહેઠાણ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં અંદાજીત ૫૫૦૦ ગ્રાહકોને સતત ગુણવંત્તા સભર વીજ પુરવઠો મળશે.



# પ્રાંતિજ માર્કેટયાર્ડ પાસે ઈકોકાર વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ ગટર લાઈનમાં ઘુસી ગઈ

## સીતવાડાના કાર ચાલક દાદા અને કારમા સવાર ભાણાનો આબાદ બચાવ: ઇકો ચાલકે સ્ટેરીગ ઉપરથી કાબુ ગુમાવતા કાર ગટર લાઇનમાં ઘુસી ગઈ

પ્રાંતિજ તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ માર્કેટયાર્ડ પાસે ઈકોકાર રોડની સાઈડમા બનાવેલ વરસાદી પાણી માટે બનાવેલ ગટર લાઈનમા ધુસી ગઈ.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કેટયાર્ડ પાસે ગઈ કાલે મોડી સાથે ઈકોકાર નંબર GJ-09-BG-5904ના ચાલક પોતાની ઈકો લઈને પોતાના ધરે સીતવાડા જઈ રહ્યા હતા તે દરમ્યાન અચાનક કાર ચાલકની આંખમાં જીવડુ આવી જતા સ્ટેરીગ ઉપરથી કાબુ ગુમાવતા ઈકોકાર રોડની સાઈડમાં આવેલ વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ ગટર લાઈનમાં ધુસી ગઈ હતી તો ધડકા સાથે અથડાતા ઈકોકારનું પાછળનું ટાયર પણ ફાટી ગયુ હતુ તો બોરીયા સીતવાડાના કાર ચાલક સુમલસિંહ આદલસિંહ રાઠોડ તથા તેમનો ભાણાનો આબાદ બચાવ થયો હતો તો ગટર લાઈનનું કામ પુર્ણ થઈ ગયુ હોવા છતાંય રોડ કોન્ટ્રાક્ટર દ્વારા ઉપર બાધુ કે આડના ભરતા હાલકો કાર ચાલક દાદા અને ભાણા નો જીવ તો બચ્યો છે પણ ઈકો કારને મોટુ નુકશાન પોહચ્યુ હતુ તો ઈકોકારને ગટર લાઈનમાં ઘુસી જતા ક્રેનની મદદથી કારને બહાર કાઢવામા આવી હતી.






# માલપુરમાં ભરથરી પરિવારોને જગા છોડી દેવાની ધમકી આપનારા કોણ..?? પોલીસ અજાણ

## જે.સી.બી. થી છાપરાં તોડવાની ધમકી અપાતાં પરિવારો ભયના ઓથાર હેઠળ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

માલપુરના સીમાડામાં કાચાં છાપરાંમાં વસવાટ કરતા ૧૦ જેટલા ભરથરી પરિવારોને રહેણાંકની જગ્યા છોડી દેવાની ધમકી આપવામાં આવતાં વિચરતી વિમુક્ત જાતિના પરિવારો ભયના ઓથાર હેઠળ આવી ગયા છે. કારમાં આવતા અજાણ્યા શખ્સો જે.સી.બી.થી છાપરાં તોડવાની ધમકી આપી પલાયન થઈ જતા હોવાથી ભરથરી પરિવારો જાયે તો જાયે કહાં..જેવી સ્થિતિમાં મૂકાયા છે. જ્યારે આ બાબતે સ્થાનિક પોલીસ અજાણ રહેતાં આશ્ચર્ય ઉભું થયું છે. ગ્રામ પંચાયત સરપંચ દ્વારા વસવાટની અનુમતી આપ્યા પછી છાપરાં બાંધવામાં આવ્યાં છે અને કેટલાકે તો કાયમી વસવાટ હોવાથી સરકારી આવાસ યોજના હેઠળ મકાન બાંધવાની તજવીજ શરૂ કરી છે ત્યાં કેટલાક ઈસમો દ્વારા રહેણાંકનું સ્થળ છોડવાના કહેવા પાછળ કોઈ મેલી મુરાદ તો નથી ને..?? તે તપાસનો વિષય બન્યો છે.



રાજ્ય સરકાર દ્વારા વિચરતી વિમુખ જાતિઓના ઉદ્ધાર માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે પરંતુ લાભાર્થીઓ સુધી તેનો પૂરતો લાભ પહોંચતો ન હોવાથી આજે પણ કેટલીક જાતિઓ અહીં તહીં ભટકતું જીવન જીવવા મજબૂર બની છે તો કેટલાક વિસ્તારોમાં વિચરતા સમુદાયના લોકો માંડ સ્થાયી થાય ત્યાં સુખીથી તેમને રહેવા દેવાતા ન હોવાની ગંભીર વિગતો માલપુરમાંથી બહાર આવી છે. માલપુર ગ્રામ પંચાયતની હદમાં વર્ષોથી ભરથરી પરિવારો વસવાટ કરતા હોવાથી થોડાક સમય અગાઉ સરપંચ દ્વારા તેમને મકાનો બાંધવા માટે જમીન માપી આપવામાં આવતાં પરિવારો કાચાં છાપરાંમાં વસવાટ કરી રહ્યા છે. દરમ્યાન કેટલાક પરિવારોએ પંચાયતની રહેઠાણની અનુમતી પછી સરકારી સહાયથી આવાસ બાંધવા માટે તૈયારી કરી છે પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વાહનોમાં આવતા અજાણ્યા ઈસમો ભરથરી પરિવારોને આ જગ્યા છોડી અન્યત્ર ચાલ્યા જવા માટે ધમકી આપતા હોવાની ગંભીર વિગતો બહાર આવી છે. વારંવાર અજાણ્યા ઈસમો ત્યાં આવી મોબાઈલમાં કાચાં છાપરાંના ફોટા પાડી તમે અહીંથી જતા રહો નહીં તો જેસીબી થી છાપરાં તોડી નાખીશું તેવી ધમકી ઉચ્ચારતા હોવાથી પરિવારો ફફડી ઉઠ્યા છે. જવાબદાર તંત્ર દ્વારા ધમકી આપનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની સાથે અહીંથી જો ખસેડવામાં આવશે તો કેટલીક મહિલાઓએ પોતાની પાસે મરવા સિવાય કોઈ બીજો વિકલ્પ ન હોવાનો આક્રોશ ઠાલવ્યો છે.

### મારી પાસે ભરથરી પરિવારોની કોઈ ફરિયાદ આવી નથી : પી.એસ.આઈ.

બાયડ : માલપુર પોલીસ સ્ટેશનના મહિલા પી.એસ.આઈ., એફ.એલ.રાઠોડનો ટેલિફોનિક સંપર્ક કરતાં ભરથરી પરિવારોને અજાણ્યા શખ્સો દ્વારા જગ્યા છોડી દેવા માટે ધમકી આપવામાં આવતી હોવા અંગેની કોઈ ફરિયાદ મારી પાસે આવી ન હોવાનું જણાવ્યું છે.

# રડોદરા દૂધ મંડળીની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ તાલુકાના ધી રડોદરા દૂધ મંડળીની વાર્ષિક સાધારણ સભા નરહરીભાઈ હીરાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. સેક્રેટરી અરવિંદભાઈ પટેલે વર્ષ દરમ્યાન થયેલ નફા-નુકસાનનું સરવૈયું રજૂ કર્યું હતું. ચાલુ સાલે મંડળીના દૂધ ઉત્પાદકોને બેન્ક ખાતામાં ભાવફેરની રૂા.૧,૦૬,૦૦,૦૦૦ ચૂકવાતાં દૂધ ઉત્પાદકોમાં ખુશીની લાગણી પ્રસરી હતી. ચેરમેન જગદીશભાઈ બી. પટેલના સ્વચ્છ અને પ્રમાણિક વહીવટની સૌએ પ્રસંશા કરી હતી.

# જીતપુરની યુવતી ગુમ: પરિવાર ચિંતામાં...!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડ તાલુકાના જીતપુરના ઓડ પરિવારની સીયા ઓડ ઘરેથી કોઈને કહ્યા વગર ગુમ થઈ છે. ગુમ થનારની શોધ કરવા છતાં ક્યાંય પત્તો મળ્યો ન હોવાના કારણે આંબલિયારા પોલીસને જાણ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક સમયથી તાલુકામાં યુવતીઓ, મહિલાઓ ગુમ થવાના બનાવો ચોંકાવનારી રીતે વધ્યા છે.

તા.૮ ના રોજ તાલુકાના જીતપુર ગામના મનુભાઈ કેશાભાઈ ઓડની પુત્રી ઘરેથી ગુમ થઈ ગઈ હતી. યુવાન પુત્રી ક્યાંક કામેથી ગઈ હશે તેમ માની પરિવારે માંડી સાંજ સુધી રાહ જોઈ પરંતુ તે પરત ફરી ન હતી. સગા-સબંધીઓને ત્યાં પણ તપાસ કરવા છતાં ગુમ થનારનો કોઈ પત્તો મળ્યો ન હોવાથી ઓડ પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. બનાવ અંગે આંબલિયારા પોલીસને ખબર આપવામાં આવતાં જાણવા જોગ નોંધ લઈ ગુમ થનારની તપાસ શરૂ કરવામાં આવી છે.

# ભિલોડા તાલુકા ભાજપ સંગઠન કારોબારીની બેઠક યોજાઈ

ભિલોડા, તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં ભિલોડા તાલુકા ભાજપ સંગઠન કારોબારીની બેઠક યોજાઈ હતી. ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીલાલ પાટેલ, મહામંત્રી ભવાનભાઈ ઠાકોર, એન.કે. કલાસવાએ જણાવ્યું હતું કે સાબરકાંઠા - અરવલ્લી જીલ્લા સાંસદ દિપસિંહ રાઠોડ, અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, ઉપપ્રમુખ કનુભાઈ મનાત, ભાજપ અગ્રણી આગેવાનો પી.સી.બરંડા, જયશ્રીબેન પટેલ, કનુભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, રાજેશભાઈ નિનામા, રણવીરસિંહ ડાભી, મનોજભાઈ પટેલ, શ્રધ્ધાબેન જોષી, તરલીકાબેન તબીયાર, વિક્રમભાઈ પટેલ, અમરતભાઈ નિનામા, નટુભાઈ ગામેતી, યોગેશભાઈ બુધ્ધ, ચેતનસિંહ કચ્છાવા, રસિકભાઈ લખવારા સહિત ભાજપના જીલ્લા, તાલુકા કક્ષાના હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપનું સંગઠન વધુમાં વધુ મજબુત બનાવવા સંદર્ભે વિશેષ ભાર મુક્યો હતો. વિધાનસભાની આગામી ચુંટણીમાં ભિલોડા-મેઘરજ મત વિસ્તારમાં કમળ ખીલવવાનું આહ્વાન કર્યું હતું.



# બાયડમાં વાહન ચોર સક્રીય : પોલીસ નિષ્ક્રિય

## સહજાનંદ કોમ્પલેક્ષ આગળથી બાઈક ચોરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯

બાયડમાં વાહન ચોર ટોળકી સક્રીય થઈ છે. ગત રોજ બાયડ-મોડાસા રોડ ઉપર આવેલા સહજાનંદ કોમ્પલેક્ષ આગળથી અજ્ઞરઅલી મોયુદ્દીન સૈયદ(રહે.બાયડગામ, કસ્બા વિસ્તાર)નું ૧૫,૦૦૦ની કિંમતનું બાઈક ચોરાઈ જતાં પોલીસની નિષ્ક્રિયતા ફરી એકવાર ઉજગાર થઈ છે. બનાવ અંગે પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવામાં ચબરાક ગણાતી બાયડની પોલીસ સદંતર નિષ્ફળ સાબિત થઈ છે. તસ્કરોનું પગેરૂ મેળવવા માટે ડાૅગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની મદદ લીધા પછી પણ સોસાયટી વિસ્તારોમાં થયેલ ઘરફોડ ચોરીના ભેદ વણઉકલ્યા રહ્યા છે ત્યાં હવે વાહન ચોર ટોળકીએ પોલીસને પડકાર ફેંક્યો છે. હોસ્પિટલ તેમજ મુખ્ય બજારમાં પાર્ક થતાં વાહનો વાહન ચોર માટે ઉઠાવી જવાં આસાન બની ગયું છે. બાયડ ગામના કસ્બા વિસ્તારમાં રહેતા અજ્ઞરઅલી સૈયદે તા.૪ ના રોજ તેમનું બાઈક સહજાનંદ કોમ્પલેક્ષ આગળ પાર્ક કર્યું હતું જે સમયે કોઈ વાહન ચોર બાઈક ઉઠાવી ફરાર થઈ ગયો હતો. પાર્ક કરેલી જગ્યાએ બાઈક જોવા ન મળતાં માલિકે શોધ કરી હતી પરંતુ આસપાસમાં ક્યાંય બાઈક જોવા મળ્યું ન હોવાથી વાહન ચોર બાઈક ઉઠાવી ગયાનું જણાઈ આવતાં પોલીસને જાણ કરી છે.

## જન્મદિને વધામણી



તરૂણકુમાર બી. ભાટીયા
(માં શક્તિ હેર)
(ગીરીરાજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



કેતનભાઈ આર. પટેલ
(પ્રા.શિક્ષક)
(સ્વામિનારાયણ સોસાયટી, વિભાગ-૨)
બાયડ, જિ.અરવલ્લી



વિક્રમભાઈ વી. પટેલ
(પ્રા.શિક્ષક)
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



વલ્લભભાઈ એમ. પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



મહેન્દ્રસિંહ પરમાર
ઈન્દ્રાણ, તા.બાયડ



જૈમિન બારોટ
આકરૂન્દ, તા.ધનસુરા



ઉત્સવ જયસ્વાલ
બાયડ, જિ.અરવલ્લી



હિતેન્દ્ર જોષી
(સરપંચ : લીંભોઈ ગ્રામ પંચાયત)
લીંભોઈ, તા.મોડાસા